**<u>સ્પે. દિવાની મુકદમા નં.૨૫/૨૦૦૬</u>**

**<u>–:: આંક–૬૧ ની અરજી તળેનો હુકમ ::–</u>**

**(૧)** હાલની અરજી વાદીનાં વિ.એડવોકેટશ્રી તરફથી આપવામાં આવેલ છે, તે અંગે તેઓની રજુઆત ટૂંકમાં એવી છે કે, તેમણે હાલનાં દાવામાં પ્રતિવાદી નં.૪ તરીકે ધી સ્ટેટ ઓફ ગુજરાત, થ્રુ : કલેકટરશ્રી, જુનાગઢને પક્ષકાર તરીકે જોડેલા છે, પરંતુ પ્રતિવાદી નં.૪ એટલે કે સ્ટેટ ઓફ ગુજરાત સામે વાદી કોઈ દાદ માંગતા નથી. પ્રતિવાદી નં.૧ થી ૩ નો જવાબ જોતા તેમાં પણ પ્રતિવાદી નં.૪ જરુરી પક્ષકાર જણાતા નથી, તેમજ કરારનાં વિશેષ પાલનનાં દાવામાં પ્રતિવાદી નં.૪ જરુરી કે આવશ્યક પક્ષકાર નથી. જેથી વાદી પ્ર તિવાદી નં.૪ ને પક્ષકાર તરીકે ચાલુ રાખવા માંગતા ન હોય, પ્રતિવાદી નં.૪ ને ડીલીટ કરવાનો હુકમ કરવા રજુઆત છે.

**(૨)** પ્રતિવાદી નં.૪ નાં વિ.એડવોકેટશ્રીની ટૂંકમાં રજુઆત છે કે, દાવાવાળી જમીન છે તેનો દસ્તાવેજ છે તે જમીન ગુજરાત ખેતીની જમીન ટોચમર્યાદા ધારા હેઠળ ફાજલ કરેલ છે, તેમજ તે અંગેનાં રીમાન્ડ કેસ નં.૨/૮૬ નાં હુકમમાં જણાવેલ વિગત મુજબ જંગલ ખાતાનાં પ્રતિનિધિને સાંભળવામાં આવેલ છે અને આ હકીકતનાં આધારે ખેતી વન અને સહકાર વિભાગ ગાંધીનગરનાં જંગલ/સંપાદનનાં અધિનિયમ–૧૯૭૨ હેઠળનાં જાહેરનામા ક્રમાંક અ.ખ. ૫૧/૮૦ પી.આર.એફ. ૧૦૮૦–૭૮૩૪૦ પી. તા.૨૯/૦૨/૮૦ જે સરકારી ગેઝેટ પાર્ટ–૧ પાના ૪૨૯ ઉપર તા.૦૧/૦૫/૮૦ નાં રોજ જાહેર પ્રસિધ્ધી થયેલ છે. જેમાં આ જમીન જંગલ ખાતાને તબદીલ થયેલ છે. જે કરાર કરવામાં આવ્યો છે, તે પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ કરેલ છે, જેમાં પ્રતિવાદી નં.૪ સામેલ નથી. જંગલ ખાતાને જમીન સોંપી આપેલ છે અને તેની તકરાર આ દાવામાં છે. તેથી પ્રતિવાદી નં.૪ જરુરી પક્ષકાર થતા હોય અરજી રદ કરવી જોઈએ.

**(૩)** સદર કામે વાદી, પ્રતિવાદી નં.૪ નાં વિ.એડવોકેટશ્રીની રજુઆત ધ્યાને લીધી. વાદીની રજુઆત મુજબ પ્રતિવાદી નં.૪ સામે તેમણે કોઈ દાદ માંગેલ નથી, ત્યારે જોવામાં આવે તો દાવાવાળી તકરારી જમીન છે તે ગુજરાત ખેતીની જમીન ટોચમર્યાદા ધારા હેઠળ ફાજલ કરવામાં આવેલી છે અને આ જમીન જંગલ/સંપાદનનાં અધિનિયમ–૧૯૭૨ અન્વયે ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલી છે અને આ જમીન જંગલખાતાને તબદીલ કરેલ છે, ત્યારે આ જમીન ઉપર એક યા બીજી રીતે સરકાર અધિકાર ધરાવે છે. સરકાર સામે વાદીનાં જણાવ્યા મુજબ કોઈ દાદ માંગવામાં આવી નથી તે વસ્તુ મહત્વની આવા સંજોગોમાં બનતી નથી, પરંતુ સરકારનાં જંગલ વિભાગને આ જમીન સંપાદન કરેલી હોવાથી આ જમીન અંગે જે કાંઈ કાર્યવાહી થાય તેમાં સરકાર પોતાની રજુઆત કરે તે જરુરી બને છે, તેમજ કહેવામાં આવે તો કરાર પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ કરેલ છે, તેમાં પ્રતિવાદી નં.૪ સામેલ નથી, તેવા સંજોગોમાં પ્રતિવાદી નં.૪ હાલનાં દાવાનાં જરુરી અને આવશ્યક પક્ષકાર બનતા હોય આ અંગે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

**(૧)** આંક–૬૧ ની વાદીની હાલની અરજી રદ કરવામાં આવે છે.

આજરોજ **તારીખઃ ૧૩ મી, માહે–ડીસેમ્બર, સને–૨૦૧૩** નાંરોજ આ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**જુનાગઢ.**
**તા.૧૩/૧૨/૨૦૧૩.**

(એમ.એમ. સૈયદ)
ચોથા એડીશનલ સીનીયર સીવીલ જજ,
**જુનાગઢ.**